# 6th Meeting of the BRICS Counter Terrorism Working Group

July 30, 2021

---

# બ્રિક્સ કાઉન્ટર ટેરરિઝમ વર્કિંગ ગ્રૂપની છઠ્ઠી બેઠક

જુલાઈ 30, 2021

બ્રિક્સ કાઉન્ટર ટેરરિઝમ વર્કિંગ ગ્રૂપ (સીટીડબલ્યુજી)ની છઠ્ઠી બેઠક 28-29 જુલાઈ 2021 દરમિયાન ભારતના અધ્યક્ષપદ હેઠળ વર્ચ્યુઅલી યોજાઈ હતી. વિદેશ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી ફોર કાઉન્ટર ટેરરિઝમ, શ્રી મહાવીર સિંઘવીએ બેઠકનું અધ્યક્ષપદ સંભાળ્યું હતું. તમામ બ્રિક્સ રાષ્ટ્રોના વરિષ્ઠ કાઉન્ટર ટેરરિઝમ અધિકારીઓએ બેઠકમાં ભાગ લીધો હતો.

વર્કિંગ ગ્રૂપની બેઠકનું મુખ્ય પરિણામ એ હતું કે બ્રિક્સ કાઉન્ટર ટેરરિઝમ એક્શન પ્લાનને અંતિમ ઓપ અપાયો હતો, જેમાં 2020માં બ્રિક્સના નેતાઓએ અપનાવેલી બ્રિક્સ કાઉન્ટર ટેરરિઝમ સ્ટ્રેટેજીના અમલીકરણ માટેના ચોક્કસ પગલાંઓનો સમાવેશ થાય છે. આ એક્શન પ્લાનનો હેતુ બ્રિક્સ રાષ્ટ્રો વચ્ચે ત્રાસવાદ તથા કટ્ટરવાદને રોકવા અને તેની સામે લડવું, ત્રાસવાદ માટે ફાઈનાન્સિંગ અટકાવવું, ત્રાસવાદીઓ દ્વારા ઈન્ટરનેટના દુરુપયોગને અટકાવવો, ત્રાસવાદીઓના પ્રવાસને રોકવો, બોર્ડર કન્ટ્રોલ, સોફ્ટ ટાર્ગેટના રક્ષણ, માહિતીનું આદાનપ્રદાન, ક્ષમતા ગઠન, આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક સહકાર સહિતના ક્ષેત્રોમાં પરિણામલક્ષી સહકારને વધારે મજબૂત બનાવવાનો છે. બ્રિક્સ કાઉન્ટર ટેરરિઝમ એક્શન પ્લાન એ બ્રિક્સમાં ભારતના અધ્યક્ષપદ દરમિયાન એક મુખ્ય ડિલિવરેબલ છે અને તે આગામી મહિને બ્રિક્સ નેશનલ સિક્યોરિટી એડવાઈઝરની મિટિંગમાં અપનાવવામાં આવ્યું હતું.

વર્કિંગ ગ્રૂપની બેઠક દરમિયાન બ્રિક્સ દેશોએ ત્રાસવાદના દરેક પ્રકાર અને તેના સ્વરૂપની ટીકા કરી હતી પછી તે ગમે ત્યારે, ગમે ત્યાં અને ગમે તેના દ્વારા કરવામાં આવતો હોય. બ્રિક્સ દેશોએ રાષ્ટ્રીય, પ્રાદેશિક અને વૈશ્વિક સ્તરે ત્રાસવાદના જોખમ અંગે વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું અને એક્શન પ્લાન મુજબ ત્રાસવાદ વિરોધી સહકાર વધારવા માટે નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

બ્રિક્સ કાઉન્ટર ટેરરિઝમ વર્કિંગ ગ્રૂપ બેઠક અગાઉ 26-27 જુલાઈ 2021ના રોજ ત્રાસવાદી પ્રવૃત્તિઓ માટે ઈન્ટરનેટનો દુરુપયોગ, કટ્ટરવાદની નાબૂદી, ત્રાસવાદીઓને ફાઈનાન્સિંગ રોકવું, ક્ષમતા ગઠન, અને વિદેશી ત્રાસવાદીઓનો મુકાબલો કરવો, એ પાંચ થિમેટિક સબ-વર્કિંગ ગ્રૂપની વર્ચ્યુઅલ બેઠક મળી હતી.

**નવી દિલ્હી**
**જુલાઈ 30, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.